तागड ब्राह्मणनी उत्पत्ति.

હિંદુસ્તાની ભાષા ઉપરથી શુદ્ધ ગુજરાતી
ભાષામાં પ્રસીદ્ધ કરનાર

મી. છોટાલાલ મનસુખરામ.

અમદાવાદ.

મુંબાઈવાળા સ્વામી શ્રી રાઘવાનંદજીની સહા-
યતાથી અને દેખરેખથી છપાવી
પ્રગટ કરાવનાર

સોની રણછોડ ભવાનીદાસ.

સર્વ જ્ઞાતિના હીતને અર્થે.

પુનરૂદ્ધાર.
આવૃત્તિ બીજી.
કર્તા.

सोनी. रणछोड भवानीदास.

અમદાવાદ "ગુજરાત ગેઝેટ" પ્રેસમાં છાપ્યું.
સંવત. ૧૯૪૫ ના વૈશાખ શુદ ૩. સન. ૧૮૮૯.
કીંમત. ૨ આના.

પ્રસ્તાવના.

ભારતવર્ષમાં ધર્મકર્મની વ્યવસ્થા બીજા અનાર્ય દેશોના જેવી સ્વચ્છંદાનુસાર નથી; ફક્ત વ્યવસ્થા વર્ણને અનુસરીને કરવામાં આવેલી છે. વર્ણ વ્યવસ્થા પણ શાસ્ત્રાનુસાર કરવામાં આવેલી છે. અમુક કર્મમાં કે ધર્મમાં અમુક મનુષ્યનો અધિકાર છે કે નહિં એ પ્રશ્નનો નિર્ણય કરતાં પહેલાં તે મનુષ્ય કયા વર્ણનો છે, એ પ્રશ્નનું નિરાકરણ કરવું આવશ્યનું છે. પુરાતન ઇતિહાસનાં પુસ્તક ઉપરથીજ આપણે અમુક જાતિ અમુક રીતે ઉત્પન્ન થઇ તે જાણી શકીએ છીએ. હાલના સમયમાં વિવિધ જાતિના લોકોમાં એટલું જ્ઞાન ફેલાયું છે પોતાના યથાર્થ વર્ણનું તેઓને ભાન નથી. અજાણ્યા બ્રાહ્મણો જેમ લોકને ભમાવે છે તે પ્રમાણે લોક ભમે છે. અને જે સત્કર્મમાં પોતાનો અધિકાર છે તેમાં પોતાનો અનધિકાર સમજે છે; કર્મભ્રષ્ટ થએલા તેઓ ઉભયપક્ષની હાનિ સહન કરે છે.

ત્રાગડ જાતિના લોકને પણ અજ્ઞાન લોક સોનીમાં ગણે છે એટલુંજ નહીં પણ કેટલાક ત્રાગડ પણ પોતાને સોની સમજે છે. આ સમજણ અસત્ય છે અને ત્રાગડ જાતી મૂળે ખરૂં જોતાં બ્રાહ્મણ છે એ વાતને પ્રસિદ્ધ કરવાને તથા અજ્ઞાનને દુર કરવાને આ વ્યવસ્થા લોકોની આગળ નિવેદન કરીએ છીએ; જેથી ત્રાગડ પોતાના બ્રાહ્મ કર્મમાં પ્રીતિવાળા થાય અને ઉભય લોકમાં શ્રેયની સિદ્ધિ કરે.

છોટાલાલ મનસુખરામ

રા. રા. ——————— મું૦

નંબર. श्रीगणेशायनमःगुरुभ्योयेनमः તા. ૧૮૮

દોહરો.

ઈશ્વર તમને આરાધીએ સરસ્વતિને લાગુ પાય,
ગણુપતીની કરૂ વીનતી આ ગ્રંથ પુરણ થાય. ૧
ગ્રંથ છપાવું પ્રીતી કરી, નમુ એક કરજોડ,
કહે છોટમ સહુ બોલજો જે જે શ્રી રણછોડ; ૨

॥ अथ एक श्लोकि रामायण. ॥

आदौरामतपोवनाभिगमनंहत्वामृगंकांच-
नं ॥ वैदेहीहरणंजटायुमरणंसुग्रीवसंभा
षणं ॥ वालीनीग्रहणंसमुद्रतरणंलंकापुरि
दाहनंपश्चाद्रावणकुंभकरणं हननमेतद्धिरा
मायणं ॥ १ ॥ इति श्री एक स्लोकि रा
मायण समाप्त ॥

अर्पण पत्र,

રાગ ઓખાહરણનો—મારૂ તથા ગોડી.

સુણો નાત વીવેકી રે જન, એક છોટાએ કર્યું છે જતન,
ગ્રંથ છપાવી પ્રગટ કરૂ છું, નાત અગરની વેહન ધરાવું; ૧
ગ્રંથ આદીનો હતો જેહ સરવે સજન સુણજો તેહ
ભુલચુક હોય ભાંગી જેહ, કહે છોટમ સુધારજો તેહ. ૨

गंगागोमाते गोपातिगणपतिगोविंदगोवर्ध
नो ॥गीतागोमयगोरजांगोरसुतागंगाथ-

रगौतम : गायत्रीगसडोगदागीरिगुहागं
भीरगोदावरिगांधर्वग्रहगोपगोकुलगणाः
कुर्यान्तसदामंगलं ॥ १ ॥

દુહો.

દેહ પુરીમાં અવતર્યો, કર્યોકર્મ અપાર,
ગુજરાંક જાણી રાખજો, પ્રભુ જેમ તાણી તમ ત્યાર ૧
તમ દર્શન દુર્લભ ગણું, પતિ તપાવન થાય,
પણ વૈષ્ણવના કારજ સર્યાં, તમ દરશન મહિમાય, ૨
દુહા કર્યા પ્રીતે કરી નમું બેઉ કર જોડ,
કહે છોટમ ગણુ ગોલકને જે જે શ્રી રણછોડ. ૩

સંપુર્ણ.

॥ श्री ॥

॥ व्यवस्थापत्रमिदम ॥

श्रीगणेशायनमः॥श्रीब्राह्मणेभ्योनमः॥ गुर्जरान्तर्गत भिन्न मालश्रेणिभुक्तत्रागडेतिप्रसिद्धान्वयसमुद्भवानां कलादशक्तिरूपा जीववतामपि द्विजेन्द्रदम्पतिप्रातिबिम्बेभ्यो जगत्कारणेश्वरस्ये-च्छाशक्तिरूपायालक्ष्म्याःसंकल्परूपवीक्षणेन सत्यरूपताप्राप्तिपु-रस्सरंमिथुनभावेन प्रतिबिम्बस्थानक्रमपद्मनिर्गतानां ब्राह्म-णत्वमेव ॥

तथाहिस्कंदपुराणीयश्रीमालमाहात्म्ये त्रयोदशाऽध्याये व-शिष्ठउवाच तत्राश्चर्यमभूद्भूप तस्मिन्नुत्सवमंडपे ॥ स्थानीभूतेषु देवेषुसिद्धविद्याधरेषुच ॥ १ ॥ आसीनानां द्विजेन्द्राणां पूजिता-नां यथाविधि ॥ आलोकनायलोकश्चकार पुरतः स्थितिम् ॥ २ ॥

अष्टोत्तरसहस्रस्य पद्मानां हेमजन्मनाम् दत्तांजलाधिपेनैव मालां वक्षसि बिभ्रति ॥ ३ ॥ विशालेषु दलौघेषु दम्पती प्रतिबिम्बितौ ॥ ददर्श जगतां माता मुहुर्मुहुरवैक्षत ॥ ४ ॥ एकैकस्मिन् पुंडरीके दलान्यष्टौ तदन्तरे ॥ प्रतिबिम्बानि जातानि सदाराणां द्विजन्मनाम ॥ ५ ॥ तानि व्यक्तानिसंवीक्ष्य बहिः पद्मान्तरेष्वपि ॥ देवी प्रमुदिता राजन् अन्तस्तश्चावलोकनैः ॥ ६ ॥ तस्याः प्रमोदबाष्पाम्बुसंभृताक्ष्याः पुनःपुनः ॥ वीक्षणात् पुंडरीकेभ्यो मिथुनानि बहिर्ययुः ॥ ७ ॥ यथावेदव्रतस्नाताः कृतदारपरिग्रहाः ॥ तथा भूतानि कौशेयहेमरत्नार्च्चितानिच ॥ ८ ॥ पुष्पमालाविशोभीनि चन्दनच्छुरितानिच ॥ द्विजानां प्रतिबिम्बानि सत्यीभूतानितान्यथ ॥ ९ ॥ देवींविज्ञापयामासुर्बद्धा मौलौनृपाञ्जलिम ॥ वयंकींकुर्महेदेवि देहि नामानिनःशुभे ॥ १० ॥ वर्तितव्यंकुयाऽस्माभिःकल्याकुत्राचितस्थितैः दृष्ट्वातानीति वादीनि भूतधात्री समादिशत् ॥ ११ ॥ श्रीदेव्युवाच ॥ पद्ममालाबहिर्याता भिन्नमालास्ततो द्विजाः ॥ सामगानंतुकर्त्तव्यं योगक्षेमं वहाम्यहम् ॥ १२ ॥ प्रतिबिम्बाद्विजा उचुः ॥ सामगानं तुदेवेशि कुर्म्महे चतवाज्ञया ॥ याचनं न करिष्यामो जीवनाय कलांवद ॥ १३ ॥ श्री देव्युवाच ॥ कलया वर्तितव्यं हि भवद्भिः स्वर्णपद्मजैः श्री मालेचततोयुयं कलदा वै भविष्यथ १४ भूषणानि द्विजेन्द्राणां पत्नीभ्योरत्नवन्ति हिकर्त्तव्यानि मनोज्ञानि संसेव्याश्च द्विजोत्तमाः ॥ १५ ॥ वशिष्ठ उवाच ॥ आसन् भूपकलादानां श्रीमाले श्रीप्रियंकरे ॥ यस्य प्रतिकृतेभ्योऽभूत् तद्गोत्रं सोऽन्वपद्यत ॥ १६ ॥ तेकलादाःसमंदारै र्यथाभागंययुर्द्विजाः ॥ इत्युक्तंस्कंदपुराणस्य श्रीमालमाहात्म्ये ॥ नचैषांलक्ष्म्या वीक्षणमात्रेण जातानां कथंब्राह्मणत्वं ब्राह्मण्यकारणस्य ब्राह्मण्यां ब्रा-

ब्रणजातत्वरूपस्याभावादिति वाच्यम् । ईश्वरसंकल्पादेः प्रसिद्ध कारणानपेक्ष्यैव कारणत्वस्य शतशः श्रुतिभिर्बोधनात् । अन्यथासत्यसंकल्पादयोऽस्य गुणाः सामंजस्येन नावकल्पेरन् । ईश्वरस्य च ज्ञानेच्छाकृतिरूपशक्तित्रयसमन्विततया शक्तिमतोरभेदेनेच्छाशक्तिरूपाया लक्ष्म्याः स ततोऽभेदात् । गुप्तवती समाख्यायां सप्तशती टीकायां महाकाल्यादिशक्तित्रयस्येश्वराभिन्नत्वप्रतिपादनाच्च तत्संकल्पस्यापि सत्यत्वौचित्यात् द्विजेन्द्रदम्पतिप्रतिबिम्बानामसत्यत्वेऽपि देवीसंकल्परूपवीक्षणादेव सत्यतया मिथुनीभावेन समुद्भवस्यात्र हि कीर्तनात् तेषां सत्यब्राह्मणत्वं । कथमन्यथा तेषां वृत्तिपार्थनादिसम्भवः कथं वा देव्यास्तान्प्रति सामगानादिकर्त्तव्यतोपदेशः सम्भवति ॥ किञ्च ब्राह्मण्यां ब्राह्मणजातत्वमेव न केवलं ब्राह्मणत्वे नियामकं किन्तु सत्यसंकल्पानां संकल्पोऽपि । तदुक्तं महाभारते आनुशासनिकपर्वणि ॥ हरिणीगर्भसम्भूतो व्यासोऽसावृषिसत्तमः ॥ १ ॥ गणिकागर्भसम्भूतो वशिष्ठो मुनिसत्तमः ॥ शुकीगर्भसमुद्भूतः शुकोनाम महामुनिः ॥ २ ॥ क्षत्रियागर्भसम्भूतो विश्वामित्रो महामुनिः ॥ तपसा ब्राह्मणो ज्यातः संस्कारस्तत्र कारणम् ॥ ३ ॥ इति अत्र तपः शब्देन संकल्पो ग्राह्यः तत्तपोऽकुरुतेत्यादिश्रुतौ तपः शब्दस्य संकल्पार्थकता दर्शनात् स च संकल्प उत्पादयितुरेव प्रकृते च ऋष्यश्रृंगादिजनकानां विभांडकादीनाम् अस्मिन् क्षेत्रे ब्राह्मणो जायतामित्याकारकः संकल्पस्तेषां चेश्वर प्रसादेन सत्यसंकल्पतया प्रसिद्धकारणानपेक्ष्यैव कार्यजनकत्वसम्भवात् अतएव शारीरकमीमांसायां फलाध्याये चतुर्थ पादे जगद्व्यापारवर्जमिति सूत्रेण विश्वसृष्टिमंतरा सर्व्वेषां पदार्थानां सृष्टिकर्तृत्वम् ईश्वरप्रसादलब्धसामर्थ्यानां योगिनां समर्थितं समर्थितंच भगवत्पूज्यपादेन शंकराचार्येण

तेषां संकल्पादेव भोगभोग्यादिकर्त्तृत्वं तत्र सूत्रभाष्ये स्पष्टमुक्तम्॥ विश्वामित्रस्य ब्राह्मण्येच विश्वामित्रतपएवकारणं नोत्पादयितुः त-दुक्तं महाभारते ॥ सगत्वा तपसा सिद्धिं लोकान् विष्टभ्यतेजसा ततापसर्वान् दीप्तौजा ब्राह्मणत्वमवाप्तावान् ॥ १ ॥ अस्मिन्-पक्षेच तपः शब्दस्य तपश्चरणरूपेश्वराराधनरूपार्थकत्वं ग्राह्य-मृएवंतन्त्रेणावृत्या वा तपः शब्दस्योभयार्थकता स्वीकृतास्ति संस्कारस्तत्र कारणमित्यभिधानेन अदृष्टविशेषरूपसंसारस्यैवतत्र कारणत्वमिति निःकृष्टार्थोहि तज्ज्ञैर्दर्शितः वेदांतिकमतेपि कर्म्मशेषरूप वासनापरपर्यायस्य संस्कारस्यादृष्टशब्दार्थत्वस्वीका रानृणतञ्च शांकरभाष्यस्य तृतीया ऽध्याये स्पष्टंतद्ग्रंथवेदिनां सुबोधमिति विरम्यते न्यायकुसुमाञ्जलौ च द्वितीय स्तबके ब्राह्मण त्वस्य ब्राह्मणपूर्वकत्वे आद्यसर्गेब्राह्मणऽथवद्वारानुपपत्तिमाशंक्य उद्भिद्वृश्चिकवद्वर्णा मायावत् समय्यादयः इत्यनेनउद्भिदः शा-कविशेषस्य तंदुलकणतः सबिजाच्च यथोत्पादः कीटविशेषस्य वृश्चिकस्य चगोमयात स्वकारणात् वृश्चिकशरीराच्च यथोत्पाद स्तथा ब्राह्मणादि वर्णानामपि संकल्पात् ब्राह्मण्यां ब्राह्मणाच्चो-द इत्यर्थकेन ब्राह्मण्यस्य ब्राह्मणपूर्वकत्वाभावेऽपि सङ्कल्पमात्रा-देव प्रथममुत्पत्तिर्नमवेन सर्गप्रलयादेसंभवः समर्थितः ॥

अतएव आदिसर्गोत्पन्नानां सनकादीनां मानसिकत्वं पुरा-णादौ प्रतिद्धम् श्रुत्यापि तदैक्षत बहुस्यां प्रजायेयेति संकल्पाप-र पर्य्यायेक्षणादेव भूम्यादिकर्तृत्वमीश्वरस्य समर्थितं मनुनापि- सोऽभिध्याय शरीरात् स्वात् सिसृक्षु र्विविधाःप्रजा इत्यनेन अ-भिधानपूर्वकमी श्वरस्य जगत्कर्तृत्वंप्रदर्शितं युक्तञ्चैतत तस्ये श्व-रस्य प्रसादलब्धमहात्म्यानामपि योगिनांसंकल्पमात्रेण ब्रह्मण्यो-त्पादिर्क मानुक्तवचनन्यायादिभिःसमर्थितंसंकल्पादेव तस्येश्व-

रस्य जगत्कर्तृत्वं कैमुतिकन्यायादेव सिद्धम् ॥

प्रकृते च स्वर्णपद्मप्रतिबिम्बे ब्राह्मणदम्पत्योरेव कारणत्वेन ब्राह्मणपूर्वकमपि ब्राह्मण्यमस्त्येव तस्यच सत्यतामेवेश्वरसंकल्पस्यकारणत्वं कल्प्यते यस्यप्रतिकृतेर्योऽभूत् तद्गोत्रं सोन्वपद्यत-यनेन च बिम्बभिन्नदम्पत्योर्गोत्रानुगमोक्त्वा तद्वर्णाभिरपि-अर्गादायता दर्पणप्रतिबिम्बादिस्थले च लोहित्यादिबिम्बगतवर्णस्य प्रतिबिम्बेस्वारोपस्य सम्मिलनत्वात् अतएव युयुद्विजा इत्यनेनचतेषांद्विजशब्दविशेषणऽपि प्रकृतयान् द्विजशब्दस्य द्विजेन्द्रपरत्वं सामान्यशब्दस्य विशेषपरतया: शतशोदर्शनात्पद्ममालाबहिर्भूतत्वेन चतेषामिन्नमालत्वसंज्ञायाद्विजसंज्ञायाश्चसाम्वियानेन भगवत्याससामगानादिकर्त्तव्यतयाविहितमतेषांचद्विजश्रुतियाननतः परादृमुखनासालोकयत्रास्तिविशेषश्चभगवत्यालक्ष्म्याविहितः ॥ तत्रेदमाकृतंयोवर्णोद्भवस्तस्य तदनुगुणवृत्तिरेवेश्वरेण कल्पिता यथा मुखभवब्राह्मणस्यमुखोपकार्यवेदाध्ययनाऽध्यापनादि वृत्तिर्बाहुजन्मक्षत्रस्य बाहुसाध्ययुद्धविक्रमादिवृत्ति स्तथास्वर्णपद्महारजातत्वेनैषां स्वर्णपद्मादिसाध्यभूषाघटनरूपावृत्तिः कल्पिताअतोनतेषां न कदाचारताईश्वरसंकल्पोपदेशादि साध्यस्यानिर्देपित्वात् आचारस्य साधुत्वासाधुत्वयोरीश्वरमर्य्यादाया एवनियामकत्वात् वराहपुराणऽपि ॥ श्रुति स्मृती ममैवाज्ञे यस्ते उल्ल ङ्घ्यवर्त्तते ॥ आज्ञाच्छेदी ममद्वेषी नरके प्रतिवर्त्तते ॥ १ ॥ इत्यनेनेश्वराज्ञालंघने नरकप्राप्तिरभिहिता तत्ताद्बिम्बीभूताद्विजगोत्रत्वलाभादेव तत्प्रवरतापि अतएव प्रवराध्याये गोत्रस्यैवसर्व्वप्रवरमूलताभिहितागोत्रानुशरणमंतरेणप्रवरासम्भवात् ॥

मालायाश्च अष्टाऽधिकसहस्त्रपद्मघटितत्वात् तेषु तेषु च पद्मेषु चतुःषष्ट्याधिकाष्टसहस्त्रसंख्यकेषु प्रतिबिम्बात् ब्राह्मणानां तत्

संख्याकत्वम् उपाधिभूतस्वर्णपक्षसंख्यानुसारणेवै प्रातबिम्बादियेस्यानुभवसिद्धत्वात् एवंचतथाभूत बिम्बसंख्यकब्राह्मणानां बाहुल्यात्देशभेदेन स्थितानां बहुपुत्रपौत्रादि परंपरयाबहुविस्तारमधिमतानां क्रमेण क्रियाभेदादिना संज्ञाभेदो यथा द्विवेदाध्ययनादिसम्बन्धात् दुबेइतिचतुर्वेदसम्बन्धात्चौवेइति प्रसिद्धिरेवंसामतानसम्बन्धात्सामतानइति प्रसिद्धः ॥

एवंत्रिभ्यो वेदेभ्य ऋग्यजुरथर्वनामकेभ्य आगता विरता इति आगतायाः संज्ञाया अपभ्रंशरूपतया त्रांगड इति प्रसिद्धिः कलादो रूक्मकारक इत्युक्तेः स्वर्ण कारम्य कलादशब्दवाच्यतया स्वर्णकारता तेषां वृत्तिरीश्वरकल्पिता तदपभ्रंशरूपतया सोनीति लोके प्रसिद्धिः ॥

किञ्चेश्वरादेशेन गयाब्राह्मण गंगापुत्रप्रयागब्राह्मणानां यथा ब्राह्मणत्वं तीर्थस्थानप्रतिग्रहरूपनिकृष्ठक्रियाया यथानिर्दोषत्वं तथैवैतेषामपिनिर्दोषतयैवायातिसामगानप्रकर्त्तव्यमित्याद्युक्तसामवेदोक्तमंत्रादिनैवैषां कर्म्माद्यनुष्टानमएतदनुरोधेनैवतेषांत्रागडेतिसंज्ञा ॥ एवंच प्रतिकृतिगोत्रतया तद्वेदसम्बन्धलाभेपि सामगानरूपविशेषवेदसम्बन्धस्याभिधानात् किंच ऋग्यजुरथर्ववेदेष्व धिकारअतिदेशप्राप्तस्यापि विशेषशास्त्रे नतौ पशौकरोतीत्यादिनेव परीत्यागस्य पूर्व्वमीमांसायां शतशो ॥

दर्शनादित्यलमतिविस्तरेणेतिशम् सम्वत १९२२ आश्विन शुक्लदशम्यांकाशीनिवासिनान्तथान्यदेशस्थानां येषांमहामहिमविदुशामत्रसम्मतिरस्तितेषान्नामान्यधोलिखितानिसंतिनद्धस्तलिपि विशिष्टपत्रं त्वेकमेवेत्यवधेयम् ॥ सम्मतिरत्रवो लिखितानां पंडितानाम् ॥ चतुर्वेदहीरानन्दशर्म्मणः ॥ कालेकरराजारामशास्त्रिणः ॥ सखारामशास्त्रिणः ॥ अनन्तरामशास्त्रिणः ॥ विठल-

शास्त्रिणः ॥ रानडेपाहवालशास्त्रिणः ॥ त्रिपाठिवेचनशर्म्मणः
होर्डिकविश्वनाथशर्म्मणः ॥ बालकृष्णशर्म्मणाम् ॥ सिद्धेश्वरप-
दनामकस्य ॥ गणेशदत्तशर्म्मणः ॥त्रवाडिछनुशर्म्मणः॥ सप्तम-
तिश्रेनन्द्रदत्तशर्म्मणः ॥ आन्द्रवेडकरटरामशर्म्मणः॥ मुकुन्दरा-
मत्रिपाठिनः ॥श्रीमदनमोहनशर्म्मणः ॥ श्रीविष्णुदत्तशर्म्मणाम्
श्रीयुतदुर्गादत्तशर्म्मणः ॥ श्रीजगन्नाथशर्म्मणः ॥ देविदत्तशर्म्म-
णाम् ॥ राधाकृष्णपंडितस्य ॥ श्रीहरदेवशर्म्मणः ॥ श्री लक्ष्म-
णशास्त्रिणः ॥ तारानाथतर्कवाचस्पतेः ॥ शंकरनाथशर्म्मणः ॥
श्रीकृष्णगोरनागरस्य ॥ उमाकान्तशर्म्मणाम् कृष्णारामव्यासस्य
गणेशकृष्णशर्म्मणः ॥ दुर्गाकृष्णशर्म्मणः ॥ एज्ञागणेशशर्मणः
वैजनाथश्रीमालीनः ॥ उत्तमकृष्णश्रीमालिनः ॥ बलदेवनैयायि-
कस्य ॥ तैलङ्कश्रीनृसिंहशास्त्री ॥ उत्कलकाशीनाथस्य ॥

વ્યવસ્થાનું ગુજરાતી

ભાષાન્તર.

ગુજરાતી બ્રાહ્મણોમાં ભિન્નમાલ શ્રેણીવાળા જે બ્રાહ્મણો ત્રાગડ એ-ના નામથી ઓળખાય છે તે બ્રાહ્મણોમાં કેટલાક જડીયાનું અને સોનીનું કામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. આથી કરીને કેટલાક લોકો એમ સમજે છે કે ત્રાગડ એ સોનીની જાતના છે અને બ્રાહ્મણ નથી. લોકોના મનનો આવો સંશય દૂર કરવાને માટે શ્રી કાશીધામનિવાસી ઇશ્વર શ્રી સીતારામ-શર્માના પુત્ર જેઓ હાલ કલકત્તામાં રહે છે. તે શ્રીયુક્ત શાળગ્રામ વૈજનાથ-શર્માએ પોતાની જાતિની ઉત્પત્તિની વ્યવસ્થા સંવત ૧૯૨૨ ના આસો શુદ ૧૦ મીને દિને નીચે સહી કરનાર પંડિત સમુદાયની સમ્મતિ પ્રમાણે કરાવી. આ વ્યવસ્થામાં ત્રાગડ જાતિમાં સંપૂર્ણ બ્રાહ્મણપણું છે એ વાતો ઘણાં ઘણાં પ્રમાણવડે સ્થાપન કરી છે. સાધારણ રીતે સહુના જાણવામાં આવે માટે એ વ્યવસ્થાનો સારાંશ ગુજરાતી ભા-

ષામાં લખીએ છીએ. ત્રાગડ બ્રાહ્મણો જગતના કારણરૂપ શ્રીમન્નારાયણની ઇચ્છા શક્તિ શ્રી મહાલક્ષ્મીએ ઇચ્છા પૂર્વે દૃષ્ટિ કરી તેથી ઉત્પન્ન થયા છે તથા તેઓએ લક્ષ્મી દેવી પાસેથી વરદાન મેળવ્યું છે, તથા તેઓ ભિન્નમાલ બ્રાહ્મણ એ નામથી પ્રખ્યાત થયાછે.

પુર્વોક્ત બ્રાહ્મણોની ઉત્પત્તિનો પ્રસંગ લખીએ છીએ. એકવાર લક્ષ્મીજીના મનમાં એવી ઈચ્છા થઈ કે રુષિપત્ની સહિત રુષિઓનું પૂજન કરવુ; તેથી પોતાના અતિપ્રિય શ્રીમાલ દેશમાં એક અતિ ઉત્તમ મંડપ રચાવીને તેમાં પૂજાની સર્વ સામગ્રી એકઠી કરીને લક્ષ્મી અને નારાયણ આવી બેઠાં તથા બ્રાહ્મણોને નોતરીને બોલાવ્યા. આ સમયનો મંગળ ઉત્સવ જોવાને માટે સિદ્ધ વિદ્યાધર આદિ સર્વ દેવતાઓ આવ્યા; તે વખતે વરૂણદેવે એક હજારને આઠ પાંખડી વાળાં કમળની માળા લક્ષ્મીજીના કંઠમાં આરોપી, તે ધારણ કરીને લક્ષ્મીજી અતિ શોભાને પામ્યાં અને આનંદથી બ્રાહ્મણના જોડાંઓને પૂજવા લાગ્યાં.

એટલામાં લક્ષ્મીજીએ પોતાના ગળામાં પહેરેલા હાર તરફ જોયું તો કમળની નિર્મલ પાંખડીઓમાં બ્રાહ્મણોનાં જોડાંનાં પ્રતિબિંબ જણાવા લાગ્યાં. ત્યારે જગત્ જનની શ્રી લક્ષ્મીજી અતિ આશ્ચર્ય પામીને તે કમળ-માલા તરફ વારંવાર જોવા લાગ્યાં તો જેવાં બહાર બ્રાહ્મણોનાં જોડાં બેઠાં હતાં તેવાંજ કમળમાલમાં જણાવા લાગ્યાં આથી આનંદના આંસુથી જેમનાં નેત્ર ભીજાઇ ગયાં છે એવાં લક્ષ્મીજીએ એવી ઈચ્છા કરી કે જો આ હારમાં જણાતાં બ્રાહ્મણોનાં જોડાં બહાર આવે તો તેમની પણ પૂજા કરૂં. જુઓ ઇશ્વર સિદ્ધ સંકલ્પ હોવાથી આ સંકલ્પ પ્રમાણે થયું તે કાંઈ મોટી વાત નથી. ભગવતી શ્રી લક્ષ્મીજીએ સંકલ્પ કર્યો કે તરતજ ઋષિપત્ની સહિત ઋષિઓ માળામાંથી નીકળીને નોતરેલા બ્રાહ્મણોની પંક્તિમાં તેમના જેવાંજ વસ્ત્ર ભૂષણ સહિત, તથા ચંદન ચર્ચિત શરીર સહિત, તથા કંઠમાં પુષ્પના હાર સહિત આવીને બેઠા. લક્ષ્મીજીએ તેઓની પણ તેવીજ રીત્યે પૂજા કરી.

ત્યાર પછી તે પ્રતિબિંબ બ્રાહ્મણો પ્રણામ કરીને લક્ષ્મીજી આગળ હાથ જોડીને બોલ્યા કેઃ-હે ભગવતિ! આપે તો અમને સઉત્ં બનાવ્યા પણ અમો શો રોજગાર કરીને નિર્વાહ કરીએ અને અમે

શા નામથી પૃથ્વી ઉપર ઓળખાઇએ તે બાબતની આજ્ઞા કરો. આ પ્રમાણે પ્રતિબિંબ બ્રાહ્મણોનું બોલવું સાંભળીને લક્ષ્મીજી બોલ્યાં કેઃ- હે બ્રાહ્મણો ! કમળની માળાથી ઉત્પન્ન થયા માટે તમારૂં નામ ભિન્નમાલ બ્રાહ્મણ; તમે સામવેદનું ગાન કરો, અને બ્રાહ્મણ વૃત્તિથી નિર્વાહ કરો. ત્યારે પ્રતિબિંબ દ્વિજ ફરીને બોલ્યા કે આપની આજ્ઞાથી અમે સામવેદ ભણીશું પણ બ્રાહ્મણોની વૃત્તિ જે ભિક્ષા તે માગવાનું કામ અમારાથી બની શકશે નહીં માટે અમને કોઈ બીજો રોજગાર બતાવો કે જેથી અમો અમારૂં ગુજરાન ચલાવીએ. ત્યારે લક્ષ્મીજીએ કહ્યું કે તમે કલવૃત્તિ ધારણ કરો. બ્રાહ્મણો માટે તમે રત્ન જડિત ઘરેણાં વગેરે બનાવો અને તમે શ્રીમાલ દેશમાં કલાદ એવે નામે ઓળખાવો આ પ્રકારે ત્રાગડ બ્રાહ્મણોની ઉત્પતી થઇ. જે બ્રાહ્મણોના પ્રતિબિંબથી તેઓ થયા તે બ્રાહ્મણના જેવા તેમના ગોત્ર પ્રવર તથા વેદ છે. પછી તે બ્રાહ્મણ જયાં તેમને ગોઠયુ ત્યાં જઇ જઇને રહ્યા. આ વાત સ્કંદપુરાણમાં શ્રીમાલ મહાત્મ્યના તેરમા અધ્યાયમાં છે.

જો કોઇ એમ કહેકે લક્ષ્મીની ઈચ્છાથી ઉત્પતિ થાય તેમને બ્રહ્મણ કેમ કહેવાય કેમકે ખરો બ્રાહ્મણ તો બ્રહ્મણ અને બ્રાહ્મણીથી જન્મે તેજ. તો આના સમાધાનમાં જણાવીએ છીએ કે ત્રાગડ બ્રાહ્મણોના પ્રતિબિંબથી ઉત્પન્ન થયા છે; આરશી આગળ જે વર્ણ વસ્તુ ધરીએ તેજ વર્ણનું પ્રતિબિંબ પડે છે; માટે બ્રાહ્મણના પ્રતિબિંબથી ઉત્પન્ન થયા તે બ્રાહ્મણજ છે, બીજી વર્ણના નથી. બીજું ઈશ્વર કોટીના સિદ્ધ સંકલ્પથી તેઓ થયા છે, ઈચ્છા થી એમાં કોઈ બીજા પ્રસિદ્ધ કારણની અપેક્ષા નથી એ વાત સૈકડો શ્રુતિઓમાં લખી છે કેમકે જો અન્યથા અંગીકાર કરીએતો ઈશ્વરના સત્ય સંકલ્પાદી ગુણોમાં મોટો વિરોધ આવશે. વળી શક્તિમાનમાં કોઈ પણ પ્રકારનો ભેદ નથી. અને લક્ષ્મી તે સાક્ષાત ઈશ્વરની શક્તિ છે. આ વાત સપ્તશતીની ગુપ્તવતી ટીકામાં કહેલી છે. એ ટીકામાં મહાકાલી આદિ લેઈને ત્રણ શક્તિઓને ઈશ્વરથી જુદી ગણી નથી. આવાં કારણથી લક્ષ્મીજીની આજ્ઞાથી ત્રાગડમાં અવશ્ય બ્રાહ્મણત્વ છે.

વળી જો બ્રાહ્મણના પ્રતિબિંબથી ઉત્પન્ન થયેલાને પણ બ્રાહ્મણ ના માનો તો પણ ભગવતીની ઇચ્છાથી તેમનામાં સત્ય બ્રાહ્મણપણું છે એમ કબુલ કરવું પડે નિકર તેઓ લક્ષ્મીજી આગળ પોતાની જીવન વૃત્તિને માટે પ્રાર્થના કેમ કરે ? અથવા તો દેવી તેમને સામવેદ જાણવાનો ઉપદેશ પણ કેમ કરે ? માટે બ્રાહ્મણીથી ઉત્પન્ન થાય તેજ બ્રાહ્મણ થાય એવો કાંઈ નિયમ નથી પરંન્તુ સત્યસંકલ્પ પુરૂષોનો સંકલ્પ પણ બ્રાહ્મણત્વનુ કારણ છે. જુઓ મહાભારતના અનુશાસન પર્વમાં કહ્યું છે કે હરિણીથી શૃંગી ઋષિ સ્વપાકીથી વ્યાસદેવ, ગુણીકાના પેટથી ઋષિ વશિષ્ટ, પોપટીના ગર્ભથી શુકદેવજી તથા ક્ષત્રાણીના ગર્ભમાં વિશ્વામિત્ર થયા. જો એમ કહેશો કે વિશ્વામિત્ર તપથી બ્રાહ્મણ થયા તો તપનો અર્થ સંકલ્પ છે એમ શ્રુતિમાં કરેલા 'તપ' શબ્દના ઉપયોગ ઉપરથી સિદ્ધ થાય છે. પુર્વોક્ત સંકલ્પ તેઓના પિતાનોજ અને શૃંગી આદિ ઋષિયોના વિભાંડક આદિ પિતાઓનો પણ એવા સંકલ્પ હતા કે આ શેલમાં બ્રાહ્મણની ઉત્પતિ થાય. આ પ્રમાણે જે ઇશ્વરની કૃપાથી અને ઋષિ મુનિયોએ સત્ય સંકલ્પ બની જેમ ધાર્યું તેમ કર્યું અને તેમ કરવમાં બીજા કોઇ કારણની અપેક્ષા ના રાખી તો પોતે ઇશ્વરનો સંકલ્પ સિદ્દ હોય એમાં શી નવાઇની વાત છે ? શારીરક મિમાંસાના ફલાધ્યાયમાં કહ્યું છે કે ઇશ્વરની કૃપાથી યોગીયો સિદ્ધ સંકલ્પ થાય છે અને શંકરાચાર્યે પણ વહ્યું છે કે તે યોગીયોને સંકલ્પથી ભોગ ભોગ્યાદિ કર્તૃત્વ છે અને વિશ્વામિત્રના બ્રાહ્મણત્વનું કારણ જે તપસ્યા છે તે તપસ્યા પણ ઇશ્વરાધન શિવાય બીજું કાંઈ નથી; આ વાતો શંકરભાષ્યના ત્રીજા અધ્યાયમાં લખી છે.

અને ન્યાય કુસુમાંજલીના બીજા સ્કંધમાં કહ્યું છે કે જો બ્રાહ્મણ બ્રાહ્મણીથી ઉપજેલાનેજ બ્રાહ્મણ કહીશું તો જે વખતે સૃષ્ટિ થઇ તે વખતે બ્રાહ્મણ એવો વેહેવાર શીરીત્યે બની શકશે તેથી મહાત્માની ઇચ્છાઓની ઈચ્છાઓથી બ્રાહ્મણો થતા આવ્યા છે નહીંતો બ્રહ્માના મનથી ઉત્પન્ન થયા સનકાદિક શી રીત્યે બ્રાહ્મણ ગણાય અને શ્રુતિમાં પણ લખેલું છે કે એકજ એવા હું બહુરૂપે થાઉઁ

અને મનુ પણ પોતાની સંહિતામાં કહે છે કે તેજ પરમેશ્વરે ધ્યાન ધરીને પોતાના શરીરમાંથી જુદી જુદી પ્રજાઓ રચી. આ પ્રમાણે જે ઇશ્વરની કૃપાથી બીજાઓ પણ સર્વ શક્તિમાન થાય છે તો તે ઇશ્વર પોતે માળામાં પડેલા પ્રિતિબંધથી બ્રાહ્મણો ઉપજાવે તેમાં શી મોટી વાત છે.

આથી કરીને ઇશ્વરની ઇચ્છાનુસાર સોનાના કમળની પાંખડીઓમાં પડેલાં બ્રાહ્મણનાં પ્રતિબિંબથી ઉત્પન્ન થયેલા ભિન્નમાલ લોક અવશ્ય કરીને બ્રાહ્મણો છે એમાં કોઇ પણ પ્રકારનો સંદેહ નથી. કેમકે બ્રાહ્મણોનું પ્રતિબિંબ તથા .લક્ષ્મીજીની ઇચ્છા એ બંન્ને ત્રાગડનાં બ્રાહ્મણપણાનાં ઘણાં સબળ કારણ છે. અને જેઓ જેના પ્રતિબિંબથી ઉત્પન્ન થયા તેઓ તેના વેદ ગોત્ર 'પ્રવર વગેરે વાળા છે. આથી કરીને તેઓ જુદા જુદા ગોત્રવાળા તથા ઋગ, યુજુર સામવેદ વાળા થયા અને સ્કંદ પુરાણમાં यद्युद्विजा તથા प्रातिविम्ब द्विजो ऊचु આમ કહ્યું છે તેથી જો ત્રાગડ બ્રાહ્મણ નહોય તો દ્વિજ શબ્દનો પ્રયોગ કેમ થાય? વળી જો ત્રાગડ બ્રહ્માણ નહોય તો લક્ષ્મીજી તેમને સામવેદ ભણવાનો ઉપદેશ શી રીતે કરે?

ત્રાગડને ભિક્ષાવૃત્તિ નહીં પસંદ પડવાથી લક્ષ્મીજીએ તેમને સોનાના ઘરેણાં વગેરે બનાવીને નિર્વાહ કરવાનું કહ્યું. કેમકે જે જ્યાંથી ઉત્પન્ન થયા તેજી પ્રકારના કાર્યથી તેમનો નિર્વાહ થવો જોઇએ. જેમ કે મુખથી ઉત્પન્ન થયેલા બ્રાહ્મણોની વૃત્તિ વેદના પઠનથી ચાલે છે, હાથથી ઉત્પન્ન થયેલા જે ક્ષત્રિઓ તેમનો નિર્વાહ બાહુ બળથીજ ચાલે છે, તેવીજ રીત્યે સુવર્ણ કમળની માળામાંથી ઉત્પન્ન થયેલા ત્રાગડોનો નિર્વાહ સુવર્ણના આભૂષણ વગેરે બનાવવાથી ચાલે એવી આજ્ઞા લક્ષ્મીજીએ કરી છે. માટે સોનીનું કામ કરવાથી ત્રાગડનું બ્રાહ્મણું પણ નથી જતું રહેતું. કેમકે એવી ઇશ્વરરૂપ ઇશ્વરી લક્ષ્મીજીની આજ્ઞા છે. જુઓ વારાહ પુરાણમાં લખ્યું છે કે શ્રુતિ અને સ્મૃતિ એ બન્ને મારી આજ્ઞા છે, જે એને ઉલંઘન કરે છે તે મારી આજ્ઞા ભંગ કરે છે માટે તે મારો શત્રુ છે તે અંતે ઘોર નરકમાં જાય છે.

ઉપર કહી ગયા તે કમળ માળામાં એક હજાર અને આઠ

કમળ હતાં, અને દરેક કમળને આઠ આઠ પાંખડીઓ હતી. તેની અંદરથી ઉત્પન્ન થયેલાં બ્રાહ્મણનાં જોડાં પોતાની મરજીમાં આવે તે પ્રમાણે જુદા જુદા દેશમાં જઇને રહ્યાં, જુદા જુદા દેશમાં રહેવાને લીધે અને જુદા જુદાં કામ કરવાથી નામ પણ બદલાઈ જાય છે. જેમ કે બે વેદ ભણવાથી તરવાડી વગેરે. વળી જેમ કે મિથિલમાં રહેવાથી મૈથિલ, કનોજમાં રહેવાથી કાનકુબ્જ, ભણાવવાથી ઉપાધ્યાય, યજ્ઞ કરાવવાથી અધ્વર્યુ તેમજ સામતાનથી સામતાન કહેવાય તેમજ ત્રણ વેદવાળા બ્રાહ્મણના પ્રતિબિંબમાંથી આવ્યા તેથી ત્રાગડ કહેવાયા.

વળી જુઓ ઇશ્વરની આજ્ઞાથી ગયાવાળ, ગંગાપુત્ર, તથા પ્રયાગ બ્રાહ્મણ તીર્થમાં દાન લેવા રૂપી નીચી વૃત્તિથી નિર્વાહ કરેછે. તોપણ તેમનું બ્રાહ્મણપણું દુષિત નથી થતું એવીજ રીત્યે ત્રાગડ લોક પણ ઘરેણા બનાવે છે તેથી પણ તેમનું બ્રાહ્મણપણું દૂષિત નથી થતું અને પ્રતિબિંબાનુંસાર ગોત્ર તથા વેદ છતાં પણ અધિકમાં સામ વેદ પઠનનો ઉપદેશ કર્યો તેથી એમ ન સમજવું કે બીજા વેદ જાણવાનો નિષેધ કર્યો, પરન્તુ એમ સમજવું કે સામ વેદનું પઠન પ્રધાનપણે કહ્યું; આ પ્રમાણે પૂર્વ મિમાંસામાં અનેક વાર કહ્યું છે.

॥ सम्मतिरत्राधो लिखितानां पंडितानाम् ॥

ચતુર્વેદ હીરાનંદ શર્મણઃ ॥ કાલકર રાજારામ શાસ્ત્રિણઃ ॥ સખારામ શાસ્ત્રિણઃ ॥ અનંતરામ શાસ્ત્રિણઃ વિઠ્ઠલ શાસ્ત્રિણઃ ॥ રાનડે બાપુબાલ શાસ્ત્રિણઃ ॥ ત્રિપાઠિ વેચન શર્મણઃ ॥ હોડીક વિશ્વનાથ શર્મણઃ ॥ બાળકૃષ્ણ શર્મણામઃ ॥ સિધેશ્વર મદનીમકસ્ય ॥ ગણેશ દત્ત શર્મણઃ ॥ ત્રવાડિ છન્નુ શર્મણઃ ॥ સંમતિ સ્વેદદત્ત શર્મણઃ ॥ આંધ્ર વેંકટરામ શર્મણઃ ॥ મુકુંદરામ ત્રિપાઠીનઃ શ્રી મદન મોહન શર્મણઃ ॥ શ્રી વિષ્ણુદત્ત શરમણામ ॥ શ્રી યુત દુર્ગાદત્ત શરમણઃ ॥ શ્રી જગંનાથ શરમણઃ ॥ દેવીદત્ત શરમણા ॥ રાધાકૃષ્ણ પંડિતસ્ય શ્રી હરદેવ શરમણઃ ॥ શ્રી લક્ષ્મણ શાસ્ત્રીણઃ ॥ તા-

રનાથ તર્કવાચસ્પતેઃ ॥ શંકરનાથ શરમણઃ ॥ શ્રી કૃષ્ણગોર નાગરસ્ય ॥ ઉમાકાંત શરમણામ ॥ કૃષ્ણરામ વ્યાસસ્ય ॥ ગણેશકૃષ્ણ શરમણઃ ॥ દુરગાકૃષ્ણ શરમણઃ ॥ ચોઠલ ગણેશ શરમણઃ ॥ વૈજનાથ શ્રીમાલિનઃ ॥ ઉત્તમકૃષ્ણ શ્રીમાલીનઃ બળદેવ નૈપાલિ તૈલંગ શ્રી નરસિંહ શાસ્ત્રિ ॥ ઉત્કલ કાશીનાથસ્ય ॥

॥ कलकत्ता ॥

નિમતલા ઘાટ સ્ટ્રીટ ૮ નં મકાનમેં ત્રીભુવનચંદ્ર વસાક સ્થાપિત સંવાદજ્ઞાન રત્નાકર યંત્રમે તકારા યથવ્યવસ્થા મુદ્રીત ભઈ.

સંવત ૧૯૪૫ માં.

છોટાલાલ.

इति श्री तागड ब्राह्मणनी उत्पाति.

સમાપ્ત.

જાહેર ખબર.

☞ સરવે સજનોને વાંચવા સારૂ નીચે લખેલા ઠેકાણેથી મળશે ને જોઇએ તેને સુખેથી મગાવી લેવી ટપાલ ખરચના પૈસા મો.

છોટાલાલ મનસુખરામ પાસેથી મળસે.

કલાલ મયારામ પાસેથી મળસે.

—નરસીભાઈ કુબેરદાસ પાસેથી મળસે.

ાં—સોની. હરગોવન બાપુજી પાસેથી મળસે.

નાં—સોની. હરજી રણછોડ પાસેથી મળસે

ન માણસને કાગળ લખવો હોય તેણે નીચે પ્રમાણે ન-

ુ નાટપેટ કાગળ લેવામાં આવસે નહી

☞ સોની. બાપુજી ભવાનીદાસ

ઠેકાણું સાંકડી સેરીમાં
બાલાવસાની પોળમાં પેઠે. } મું. અમદાવાદ.
ઘર નંબર ૩૫ મો.